ક્રિમીનલ અપીલ નં. ૬૬ / ૨૦૨૪

## આંક–૪ લગત હુકમ

એપેલેન્ટના તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા તથા અપીલ મેમો તથા રજુ થયેલ દસ્તાવેજોની તમામ હકીકતો ધ્યાને લીધી.

એડી. ચીફ જયુ. મેજી. કપડવંજનાઓએ ફોજદારી કેસ નં. ૬૩૪/૨૦૧૯ મા તા. ૨૩/૧૦/૨૦૨૪ ના રોજ હુકમ કરતાં અરજદાર/આરોપીને નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ના ગુનામા તકસીરવાન ઠરાવી ૦૧ (એક) વર્ષની સાદી કેદની સજા તથા આરોપીએ ફરીયાદીને વિવાદીત ચેકની રકમ રૂા. ૫,૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પચીસ હજાર પુરા) વાર્ષિક ૬% ના સાદા વ્યાજના દરે ફરિયાદ દાખલ કર્યા તારીખથી અને રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) આ કેસના ખર્ચ પેટેની રકમ વળતર તરીકે એક માસની અંદર ચુકવી આપવા તેવો હુકમ કરવામા આવેલ.

એપેલેન્ટ/આરોપીએ રૂપિયા ૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના સધ્ધર જામીન આપ્યેથી તેમજ તેટલી જ રકમનો જાત મુચરકો આપ્યેથી એપેલેન્ટ/આરોપીને નીચેની શરતો પાળવાની શરતે જામીન ઉપર મુકત કરવા તેમજ એડી. ચીફ જયુ. મેજી. કપડવંજના સજાના હુકમ સહીતનો સમગ્ર આખરી હુકમનો અમલ આ અપીલના નિર્ણય સુધી મોકૂફ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :**

૧) એપેલન્ટ/આરોપીએ તકરારી ચેકોની રકમની ૨૦% રકમ દિન–૬૦(સાઈઠ)મા નીચેની અદાલતમા જમા કરી અત્રેની અદાલતમા પહોંચ રજુ કરવી.

૨) એપેલેન્ટ/આરોપીએ આ અપીલના આખરી નિર્ણય સુધી તેઓ જે સ્થળ રહેવાના હોય તે સ્થળનુ વિગતવારનુ પૂરેપુરું સરનામુ રજૂ કરવુ અને રજૂ કરેલ સરનામુ આ કોર્ટની પૂર્વ પરવાનગી વગર બદલવુ નહી. એપેલેન્ટ/આરોપીએ પોતાના મોબાઈલ નંબર સંબંધીત કોર્ટમા રજુ કરવા. જો રહેઠાણ સરનામામાં મોબાઈલ નંબરમા ફેરફાર કરવાનો પ્રસંગ ઉભો થાય તો તેની જાણ ફેરફાર કર્યાના ૭(સાત) દીવસમા અત્રેની અદાલતમા લેખિતમા કરવાની રહેશે.

૩) એપેલેન્ટ/આરોપીએ અત્રેની અદાલતની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી.

૪) અપીલના કામે દર મુદતે એપેલન્ટ/આરોપીએ હાજર રહેવું.

હુકમ મુજબના જામીન ટ્રાયલ કોર્ટમા આપવા, સંબંધિત અદાલતને યાદી કરવી.

તારીખ : ૧૬/૧૧/૨૦૨૪
કપડવંજ.

(કે.એસ.પટેલ)
અધિક સત્ર ન્યાયાધીશ કપડવંજ